**શું આપ આ ગૌરવશાળી યોજના અંગે જાણો છો ?**

**આ યોજના શું છે ?**

જીવનનાં વિકટ વળાંકો પર, સમાન વ્યવસાયના મિત્રોને **બંધુત્ત્વની ભાવના દ્વારા ગૌરવશાળી રીતે** મદદરૂપ બનવાની તક આપતી એકમાત્ર યોજના છે.
આ યોજના કોઈ પણ સભ્ય મિત્રનું અવસાન થાય ત્યારે બાકીનાં સભ્યો બંધુત્વ ફાળા દ્વારા તેના પરિવારને સહાયક બને છે. હાલ અવસાન પામનાર સભ્યના પરિવારને આશરે **રૂા. ૩.૫૭ લાખ જેટલી માતબાર રકમ મળવા પાત્ર છે.**

---

**યોજનામાં કોણ જોડાઈ શકે ?**

---

આપણી માતૃસંસ્થા **જી.આઈ.સી.ઈ.એ.નાં સભ્યો તથા તેમનાં જીવનસાથી** કે જેમની **ઉંમર ૫૫ વર્ષ કરતાં ઓછી** હોય તે સર્વે આ યોજનામાં જોડાઈ શકે છે.

---

**યોજનામાં જોડાવા અંગેની પ્રક્રિયા શું છે ?**

---

સંસ્થાની કચેરીએ અથવા **www.gicea.org** વેબસાઈટ પર ઉપલબ્ધ નિયત ફોર્મ મેળવી તથા ભરીને સભ્ય થઇ શકાય છે. શરૂઆતની ફી ઉંમર મુજબ અલગ અલગ છે. તથા **ઉંમર પ્રમાણે Medical Certificateની જરૂરીયાત રહે છે.** આપ **માત્ર ફોન પણ કરો તો આપના સરનામે ફોર્મ તથા માહિતી મોકલી આપવામાં આવે છે.**

---

**યોજના લાભ**

---

હાલમાં ઉપલબ્ધ **કોઈપણ વિમા યોજના કરતાં ઓછી રકમમાં આજીવન સુરક્ષા કવચ (Whole life)** પુરુ પાડતી એકમાત્ર યોજના છે. જેમાં સરળ પ્રક્રિયા દ્વારા જોડાઈ શકાય છે. મુત્યુ બાદ વારસદારને તત્કાલ સરળતા પુર્વક બંધુત્ત્વ ફાળાની રકમ પ્રાપ્ત થાય છે.

---

**બંધુત્ત્વ ફાળો તથા વહીવટની વિગતો શું છે ?**

---

આ યોજનાનો **વહીવટ નિયત કરાયેલ જાહેર બંધારણ મુજબ લોકશાહી રીતે** થાય છે. તેના વહીવટ ખર્ચ પેટે પ્રતિવર્ષ નાનકડી રકમ લેવામાં આવે છે. જેમાંથી કરકસરપુર્વક વહીવટ ઉપરાંત, **વૈવિધ્યપુર્ણ સ્વાસ્થ્ય લક્ષી કાર્યક્રમોનું** આયોજન કરવામાં આવે છે.

**બંધુત્ત્વ ફાળો વર્ષમાં બે વાર એપ્રિલ-ઓક્ટોબરમાં** એકત્ર કરવામાં આવે છે. પ્રત્યેક વર્ષમાં જે તે છ માસમાં અવસાન પામેલા સઘળા સભ્યો માટે પ્રતિ અવસાન પામેલ દરેક **સભ્ય દીઠ રૂા. ૧૩૦ પ્રમાણે બંધુત્ત્વ ફાળો** લેવામાં આવે છે. તેવી કુલ રકમ જે તે સમયગાળામાં થેયલ અવસાન પર આધારિત છે પરંતુ પાછલા ૧૯ વર્ષનાં અનુભવના આધારે **વર્ષે સરેરાશ ૭ કરતાં ઓછા અવસાન** થાય છે.

---

**બંધુત્ત્વ ફાળો ક્યાં સુધી ?**

---

આ યોજનામાં **સળંગ ૨૫ વર્ષ સભ્ય રહેનાર મિત્રએ ત્યારબાદ બંધુત્ત્વ ફાળો** ભરવાનો **રહેતો** નથી. છતાં **જીવન પર્યંત સુરક્ષા કવચ** પ્રાપ્ત બને છે.

---

**યોજનામાં શા માટે જોડાવું જોઈએ ?**

---

સમાન વ્યવસાયનાં મિત્રોને ગૌરવપૂર્ણ રીતે મદદરૂપ બની, પોતાની મુશ્કેલીનાં સમયમાં પરિવારને સુરક્ષિત કરવા માટેની આ યોજના એક મજબૂત આધાર છે.

**જો આપ આ યોજનામાં સભ્ય ન હોવ અથવા આપનાં જીવનસાથી આ યોજનામાં સભ્ય ન હોય તો તેમને સત્વરે આ વિશાળ ઉમદા પારિવારિક યોજનામાં જોડાવા માટે નમ્ર અપીલ છે.**

**સ્કીમ અંગે વધુ માહીતી માટે સંસ્થાની ઓફીસે નં. ૨૬૫૬૫૯૩૫, ૨૬૫૬૫૯૩૬, ૨૬૪૩૦૨૧૩ ઉપર સંપર્ક કરવા વિનંતી.**